# જૈન યાત્રિકો ચેતજો : પાલીતાણાની ધર્મશાળાઓના નામે ફેક વેબસાઈટ બનાવી આચરાઈ છેતરપિંડી

## ૧૦ ફેક વેબસાઈટ અને ૫ મોબાઈલ નંબર દ્વારા રૂમ બુકિંગના બહાને નાણાકીય છેતરપિંડી આચરવામાં આવી



ભાવનગર,તા.૨૨
પ્રસિદ્ધ જૈન તીર્થધામ પાલીતાણા ખાતે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ સાથે ઓનલાઈન રૂમ બુકિંગના નામે મોટી છેતરપિંડી આચરવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. અજાણ્યા ઠગબાજો દ્વારા પાલીતાણાની જાણીતી ધર્મશાળાઓના નામે ફેક વેબસાઈટો બનાવીને દેશ-વિદેશથી આવતા યાત્રિકો પાસેથી નાણાં પડાવવામાં આવતા હતા.

મળતી વિગતો મુજબ, પાલીતાણા સ્થિત 'શ્રી મેવાડ ભવન' અને 'સુણતર ભવન' ધર્મશાળાના નામે આ સાયબર ઠગાઈ આચરવામાં આવી રહી હતી. ગઠિયાઓએ આ ધર્મશાળાઓનું અસલ નામ, સરનામું, આબેહૂબ ફોટોગ્રાફ્સ અને અન્ય વિગતોનો દુરુપયોગ કરીને આશરે ૧૦ જેટલી નકલી (ફેક) વેબસાઈટો અને ૫ મોબાઈલ નંબરો સક્રિય કર્યા હતા.

બહારગામથી આવતા ભાવિકો જ્યારે ઓનલાઈન રૂમ બુક કરવા સર્ચ કરતા, ત્યારે આ નકલી વેબસાઈટ જોઈને વિશ્વાસમાં આવી જતા હતા. ત્યારબાદ ઠગબાજો એડવાન્સ બુકિંગના નામે રકમ ટ્રાન્સફર કરાવીને યાત્રિકો સાથે નાણાકીય છેતરપિંડી આચરતા હતા. ધર્મશાળામાં છેલ્લા ૧૬ વર્ષથી ફરજ બજાવતા મેનેજરના ધ્યાને આ બાબત આવતા તેમણે તુરંત ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને આ રેકેટ પાછળ સંકળાયેલા ગઠિયાઓને પકડી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

# ફટાકડાના ગોડાઉનો અને સ્ટોલ પર તપાસ : અનિયમિતતા જણાતા દુકાનો સીલ કરાઈ

## શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કાયમી લાઈસન્સ ધરાવતા વિવિધ ફટાકડાના સ્ટોલ અને ગોડાઉનોમાં તંત્રની સઘન તપાસ ઝુંબેશ



ભાવનગર,તા.૨૨
અમદાવાદમાં ગેરકાયદે ધધમતા ફટાકાડાના કારખાનામાં બ્લાસ્ટથી સમગ્ર તંત્ર ધંધાની ઉઠ્યું છે અને હવે રાજ્યભરમાં આ સંદર્ભે તપાસ હાથ ધરાઈ છે તેના અનુસંધાને ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ આગ જેવી અણધારી દુર્ઘટનાઓ અટકાવવા તથા જાહેર સલામતી અને નગરજનોના જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવાના આશયથી વહીવટી તંત્ર દ્વારા એક વિશેષ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. અને શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કાયમી લાઈસન્સ ધરાવતા વિવિધ ફટાકડાના સ્ટોલ અને ગોડાઉનોમાં સઘન તપાસ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

કલેક્ટરના માર્ગદર્શન હેઠળ એસ.ડી.એમ. તેમજ શહેર અને ગ્રામ્ય મામલતદારની સંયુક્ત ટીમે કાયમી લાઈસન્સ ધરાવતા ફટાકડાના સ્ટોલ અને ગોડાઉનોમાં આકસ્મિક તપાસ કરી હતી.આ સઘન ચકાસણી દરમિયાન અધિકારીઓએ લાઈસન્સધારકો પાસે ઉપલબ્ધ ફાયર સેફ્ટીના સાધનો, ફાયર NOC, સ્ટોક રજિસ્ટર અને મંજૂર ક્ષમતા કરતાં વધુ જથ્થો (ઓવરસ્ટોક) છે કે નહીં તેની બારીકાઈથી ચકાસણી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન જે સ્થળોએ ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન, જરૂરી દસ્તાવેજોની ખામી કે ઓવરસ્ટોક જેવી અનિયમિતતાઓ જણાઈ આવી હતી, ત્યાં સંબંધિત વેપારીઓને તાત્કાલિક નોટિસ ફટકારવામાં આવી હતી. જ્યારે વધુ ગંભીર બેદરકારી માલૂમ પડી હોય તેવા કિસ્સાઓમાં નિયમાનુસાર દુકાન અને ગોડાઉનો સીલ કરવાની કડક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. તંત્રની આ સરપ્રાઈઝ ચેકિંગથી નિયમોનો અનાદર કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## તસવીર સમાચાર

### પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય ખાતે "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ



પી.એમ. શ્રી કેન્દ્રીય વિદ્યાલય, ભાવનગર પરા ખાતે "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના પ્રાચાર્ય નીરજ જોનવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકગણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સૌએ મળીને શાળા પરિસરમાં વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહભેર વૃક્ષારોપણ કરી પર્યાવરણ પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### નવા સરોડ અને ખીજડીયામાં બાલિકા પંચાયત દ્વારા પ્રેરણાદાયી વૃક્ષારોપણ



મહિલા અને બાળ વિકાસ વિભાગની આગવી પહેલ હેઠળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના નવા સરોડ અને ખીજડીયા (મોખડકા) ગામે બાલિકા પંચાયતની કિશોરીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.ભાવનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત 'સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમેન' યોજનાના માર્ગદર્શન હેઠળ આ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવાની સાથે કિશોરીઓમાં નેતૃત્વ ક્ષમતા વિકસાવવાનો હતો.સ્થાનિક આંગણવાડી કેન્દ્ર અને ગામના આગેવાનોના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં બાલિકા પંચાયતની દીકરીઓએ ઉત્સાહભેર વૃક્ષો વાવ્યા હતા અને ગ્રામજનોને પણ વૃક્ષોના જતન માટે પ્રેરિત કર્યા હતા.

### સિહોર ફોટોગ્રાફર એસોસિયેશનની નવી કારોબારીમાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની નિમણુંક



તસ્વીર : કૌશિક વ્યાસ

સિહોર તાલુકાના ફોટોગ્રાફરોને એક મજબૂત સંગઠનના માધ્યમથી એક મંચ પર લાવવા અને તેમના વ્યવસાયિક વિકાસ માટે કાર્યરત સિહોર તાલુકા ફોટોગ્રાફર એસોસિયેશનની સાધારણ સભા તાજેતરમાં બંધન પાર્ટી પ્લોટ, સિહોર ખાતે યોજાઈ હતી. સભામાં નવી કારોબારી કમિટીની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે જયદીપભાઈ મહેતા, ઉપપ્રમુખ તરીકે ભરતસિંહ ચૌહાણ, મહામંત્રી તરીકે ભાવેશભાઈ ગોહિલ અને ખજાનચી તરીકે હિતેશભાઈ પવારની વરણી કરવામાં આવી હતી.

# વાહન અકસ્માતમાં જીવ ગુમાવનાર વિદ્યાર્થિનીના પરિવારને આર્થિક સહાયનો ચેક અર્પણ કરાયો

## વીર શહીદ જનરલ રાવત યોજના હેઠળ 'ગાંધી મહિલા કોલેજ'ની મૃતક વિદ્યાર્થીનીના પરિવારને મદદ પૂરી પડાઈ



ભાવનગર,તા.૨૧
ભાવનગર શહેરના પીરછલ્લા વિસ્તારના ભાદેવા ની શેરીમાં રહેતા મેહુલભાઈ ચૌહાણની દીકરી રિદ્ધિનું વાહન અકસ્માતમાં અવસાન થયું હતું. રિદ્ધિ ચૌહાણ ગાંધી મહિલા કોલેજમાં અભ્યાસ કરતી હતી અને વાઘાવાડી રોડ પર અકસ્માતમાં તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

આ દુ:ખદ ઘટના બાદ સામાજિક કાર્યકર ભરત એમ.મોણપરા દ્વારા 'વીર શહીદ જનરલ રાવત યોજના' હેઠળ જરૂરી વિગતો એકઠી કરીને ઉચ્ચ કમિશ્નર કચેરી ખાતે અરજી કરવામાં આવી હતી. જેના પરિણામે ?૪ લાખની સહાય મંજૂર કરવામાં આવી હતી.

તા. ૨૦/૭/૨૬ ના રોજ મેહુલભાઈના નિવાસ સ્થાને મેયર દીપ્તિબેન તલરેજા, નગરસેવકો સંજયભાઈ વેગડ, વૈભવભાઈ પારેખ, શીતલબેન જોષી, પૂર્વ મેયર મનહરભાઈ મોરી, વોર્ડ પ્રમુખ મિહિરભાઈ સોની, મહામંત્રી મલયભાઈ અને અંશુલભાઈના હસ્તે રૂ. ૪ લાખનો ચેક પરિવારને અર્પણ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, 'વીર શહીદ જનરલ રાવત યોજના' હેઠળ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું અકસ્માતે અવસાન થાય તો ?૪ લાખની સહાય મળવાપાત્ર છે. સામાજિક કાર્યકર ભરત એમ. મોણપરાના સતત પ્રયાસોથી ચૌહાણ પરિવારને આ સહાય પ્રાપ્ત થઈ છે.

ગુજરાત રાજ્યમાં વાહન અકસ્માતમાં અનેક વિદ્યાર્થીઓ પોતાના જીવ ગુમાવે છે, પરંતુ યોગ્ય માહિતીના અભાવે મોટાભાગના લોકો આ યોજનાના લાભથી વંચિત રહી જાય છે. આ યોજનાની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે અત્યંત જરૂરી છે.

# આનંદનગરમાં બાળકને હેરાન કરવા બાબતે પાડોશી વચ્ચે બોલાચાલીમાં લાકડીથી હુમલો

## બાળકને પજવવાની ના પાડતા ઉશ્કેરાયેલા શખ્સે પિતાને ઢીકાપાટુ અને લાકડી વડે માર માર્યો

ભાવનગર,તા.૨૨
ભાવનગરના આનંદનગર વિસ્તારમાં બાળકને હેરાન કરવાની બાબતે બે પાડોશીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ હિંસક મારપીટનો બનાવ બન્યો છે.

આનંદનગરમાં રહેતા મેહુલભાઈ ઠક્કરનો ૧૦ વર્ષનો પુત્ર ઘર બહાર રમતો હતો ત્યારે સામે રહેતો દિલીપ ધીરુભાઈ તેને હેરાન કરતો હતો. બાળકે આ અંગે પિતાને જણાવતા, મેહુલભાઈ દિલીપને ઠપકો આપવા ગયા હતા. આ વાતથી ઉશ્કેરાઈને દિલીપે અપશબ્દો બોલી ઝઘડો શરૂ કર્યો હતો અને મેહુલભાઈને ઢીકાપાટુ તેમજ લાકડી વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલાખોર દિલીપ જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

ઈજાગ્રસ્ત મેહુલભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સમગ્ર મામલે ઘોઘારોડ પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે આરોપી દિલીપ સામે મ્હજી ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રોજગાર કચેરી ખાતે ભરતી મેળામાં 'ગુજરાત પાક્ષિક' સહિત માહિતી વિભાગના પ્રકાશનોનું વિતરણ કરાયું

## 'ગુજરાત પાક્ષિક' અને 'રોજગાર સમાચાર' યુવાનો માટે ઉપયોગી માહિતીનો વિશ્વસનીય સ્ત્રોત : સિનિયર સબ એડિટર સુનિલ મકવાણા

ભાવનગર,તા.૨૨
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા આજે જિલ્લા રોજગાર કચેરી ખાતે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રની અંદાજિત ત્રણ કંપનીઓ દ્વારા વિવિધ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ ભરતી મેળામાં જિલ્લા માહિતી કચેરી, ભાવનગર દ્વારા ઉપસ્થિત ઉમેદવારોને 'ગુજરાત પાક્ષિક' સહિત વિવિધ પ્રકીર્ણ પ્રકાશનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના સિનીયર સબ એડિટર સુનિલભાઈ મકવાણાએ રોજગારવાંચ્છુ ઉમેદવારોને માહિતી કમિશનરની કચેરીની પ્રકાશન શાખા દ્વારા પ્રકાશિત થતાં 'ગુજરાત પાક્ષિક', 'રોજગાર સમાચાર' તથા અન્ય પ્રકીર્ણ પ્રકાશનોની ઉપયોગિતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતુ.

તેમણે જણાવ્યું હતું કે, 'ગુજરાત પાક્ષિક' રાજ્ય સરકારની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ, જનકલ્યાણકારી યોજનાઓ અને લોકોપયોગી માહિતીનું વિશ્વસનીય પ્રકાશન છે, જ્યારે 'રોજગાર સમાચાર' રોજગારની તકો, ભરતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા કારકિર્દી સંબંધિત માહિતી મેળવવા યુવાનો માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. માહિતી વિભાગ દ્વારા પ્રકાશિત થતાં આ પ્રકાશનોનો નિયમિત લાભ લેવા રોજગારવાંચ્છુ ઉમેદવારોને તેમણે અનુરોધ કર્યો હતો.

# ઔદિચ્ય ગઢિયા બ્રહ્મસમાજ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સાથે વડીલોનું કરાયેલું સન્માન

## ભાવનગર ઘટક દ્વારા યોજાઈ ગયો ત્રિવિધ કાર્યક્રમ





ભાવનગર, તા. ૨૧
ઔદિત્ય ગઢિયા બ્રહ્મ સમાજના ભાવનગર ઘટક દ્વારા તાજેતરમાં ત્રિવિધ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જીસીઈઆરટીના નિવૃત નિયામક ડો. નલિનભાઈ પંડિત, નિવૃત પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. ભરતભાઈ પંડિત, શેઠ એચ.જે. લો કોલેજના આચાર્ય ડો. જે.એ. પંડ્યાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. આ અવસરે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયું હતું તથા ૭૫ વર્ષથી વધુ વયના વડીલોનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત, કુટુંબ દીઠ એક આકર્ષક ઈનામ આપવામાં આવ્યું હતું. આ વખતે ભોજનના દાતા હસમુખભાઈ ભટ્ટ હતા. વિદ્યાર્થી દીઠ ત્રણ ફુલસ્કેપ ચોપડા શ્રીમતી ઈન્દિરાબહેન મહેતા દ્વારા એનાયત કરાયા હતા.

અભિનય ક્ષેત્રે ઉભરતી પ્રતિભા તરીકે હેલી શુક્લને મોમેન્ટો અર્પણ કરી અભિવાદન કરાયું હતું. આ વખતે મહિલા સમિતિના બહેનોના સુંદર સહયોગથી કામ ઘણું સરળ બન્યું હતું. ઘટકમાં સેક્રેટરી તરીકે હાર્દિકભાઈ પંડિતની નિમણૂક કરવામાં આવી હતી.

# ધોળામાં સંત ધનાબાપાની પુણ્યતિથિની આસ્થા અને ઉમંગ સાથે થઈ ઉજવણી

## પૂજન, ધ્વજારોહણ અને પ્રસાદ સાથે યોજાયેલ રક્તદાન શિબિર




ભાવનગર,તા.૨૨
ધોળામાં સંત ધનાબાપાની પુણ્યતિથિની આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી થઈ છે. અહીંયા પૂજન, ધ્વજારોહણ અને પ્રસાદ સાથે રક્તદાન શિબિર આયોજન થયેલ.

ગોહિલવાડના ઐતિહાસિક સ્થાન ધોળામાં સંત ધનાબાપાની ૧૮૧મી પુણ્યતિથિ ઉજવાઈ ગઈ, જેમાં મહંત શ્રી બાબુરામભગતનાં આયોજન સાથે સંતો, મહંતો અને અગ્રણીઓ જોડાયાં હતાં.અષાઢ સુદ પાંચમ એટલે સંત ધનાબાપાની ૧૮૧મી પુણ્યતિથિની આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી છે. અહીંયા જગ્યાનાં પુનિતભાઈ ધામેલિયાના સંકલન સાથે દાતાઓ, અગ્રણીઓ અને સેવકો દ્વારા પૂજન, ધ્વજારોહણ અને પ્રસાદ સાથે રક્તદાન શિબિર આયોજન થયેલ.

પ્રારંભે દેવરાજભાઈ પટેલના ઘરેથી ધ્વજા રોહણ પ્રસંગે શોભાયાત્રા યોજાયેલ. આ પ્રસંગે બટુક ભોજનના દાતાપ્રવિણભાઈ ખૂંટ રહ્યાં અને ગામ ધુમાડો બંધ રાખી સ્વર્ગસ્થ ભવાનભાઈ લાલજીભાઈ માવાણી પરિવાર દ્વારા ભોજન પ્રસાદ લાભ મળ્યો. ધનાબાપા સેવા સંસ્થાન પ્રમુખ ડાયાભાઈ કાકડિયા અને કાર્યકર્તાઓ તથા ગામ સમસ્ત સેવક પરિવાર દ્વારા પુણ્યતિથિની આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી થઈ. અહીંયા ધોળા ઉપરાંત પંથકમાંથી પણ ભાવિકો જોડાયાં હતાં.

# ૭મી ઈન્ટરનેશનલ યોગાસન ચેમ્પિયનશિપ ભાવનગરના યોગીની હરસિધ્ધિબાએ ટ્રેડિશનલ યોગમાં ગોલ્ડ મેડલ જીત્યો



ભાવનગર,તા.૨૨
'આર્ટ ઓફ લર્નિંગ ફાઉન્ડેશન' તથા યોગ ટીચર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટના સંચાલક યોગ ગુરુ ડૉ. રીના અગ્રવાલ આયોજિત ૭મી ઈન્ટરનેશનલ યોગાસન ચેમ્પિયનશિપ - ૨૦૨૬ માં ભાવનગરની દીકરીએ દેશનું નામ રોશન કર્યું છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, યોગ હોલની યોગિની હરસિધ્ધિબા પ્રદિપસિંહ ગોહિલે પરંપરાગત યોગ (વયજૂથ: ૮ થી ૧૩) માં ઉત્કૃષ્ટ દેખાવ કરીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિથી તેમણે ભાવનગર, ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે.

હરસિધ્ધિબાને યોગ હોલના શિક્ષક રેતુભા ગોહિલ દ્વારા સફળ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઝળહળતી સફળતા બદલ તેમના પર ચારેય તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભાવનગરની કરાટે એકેડેમી ઓફ જાપાન ગોજુરિયુ ઈન્ડીયાનો ૩૬માં વર્ષમાં પ્રવેશ

## વર્ષ દરમિયાન સારુ પરફોર્મન્સ કરનાર ૧૦ વિધાર્થીઓને બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા



ભાવનગર,તા.૨૧

તાજેતરમાં ગુજરાતની સહુથી મોટી ઈન્ટરનેશનલ કરાટે સંસ્થા કરાટે એકેડેમી ઓફ જાપાન ગોજુરિયુ ઈન્ડીયાનો ઘોઘાસર્કલ સંસ્કાર મંડળ (અખાડા), ભાવનગર ખાતે ૩૫મો વાર્ષિક દિવસ ઉજવવ માં આવ્યો.હતો.

૧૬ જુલાઈ ૧૯૯૧માં આ સંસ્થાની સ્થાપના થઈ અને આજે ગુજરાત અને ગુજરાત બહાર કુલ ૫૭ જેટલા કેન્દ્રો સક્રિય રીતે કાર્યરત છે, જેમાં ૮૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ નિયમિત તાલીમ લે છે. આ પ્રસંગે સંસ્થાના વિધાર્થીઓ દ્વારા સુંદર કરાટે ડેમોન્સ્ટ્રેશન રજૂ કરવામાં આવેલ. વાર્ષિક દિનની ઉજવણી સમયે વિવિધ ક્લાસીસમાંથી પસંદ કરેલ અને વર્ષ દરમિયાન સારુ પરફોર્મન્સ કરનાર ૧૦ વિધાર્થીઓને બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ. કરાટેના ક્ષેત્રોમાં બ્લેકબેલ્ટની પદવી ઉચ્ચતમ પદવી ગણાય છે, તેમાં પણ ૧ ડિગ્રી બ્લેક બેલ્ટથી લઈ ૧૦ ડિગ્રી બ્લેક બેલ્ટ સુધીની પરીક્ષાઓ હોય છે. આ વર્ષે કરાટેમાં કઠિન ગણાતી બ્લેક બેલ્ટની પરીક્ષા કુલ ૪૩ વિદ્યાર્થીઓએ અલગ અલગ કેટેગરીમાં આપી. આ વિવિધ કેટેગરીમાં ગત વર્ષ દરમિયાન ૨૪ વિદ્યાર્થીઓએ ૧ ડીગ્રી બ્લેક બેલ્ટની પરીક્ષા આપી, ૧૪ વિદ્યાર્થીઓએ ૨ ડિગ્રી બ્લેક બેલ્ટની પરીક્ષા આપી, ૨ વિદ્યાર્થીઓએ ૩ ડિગ્રી બ્લેક બેલ્ટની પરીક્ષા આપી અને ૩ વિદ્યાર્થીઓએ ૪ ડિગ્રી બ્લેક બેલ્ટની પરીક્ષા આપી,

આ તમામ વિદ્યાર્થીઓ જેઓએ બ્લેક બેલ્ટ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરેલ તેમને ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ આપી ડિગ્રી એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે ખુબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીગણ હાજર રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના બ્લેક બેલ્ટ ઈન્સ્ટ્રક્ટર દ્વારા કરવામાં આવેલ. આભાર વિધિ સંસ્થાના ચીફ ઈન્સ્ટ્રક્ટર શિહાન પ્રદીપ પારેખ દ્વારા કરવામાં આવેલ.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**સીક લાઈન શેડના વિસ્તરણના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નં. ૧૩-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ટર્મિનસ ખાતે સીક લાઈન શેડના વિસ્તરણના સંબંધમાં TRD કામ. **ટેન્ડર રકમ:** ₹ ૬,૦૨,૫૪૯.૮૪/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૧૨,૧૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર લીંક એટલે કે www.ireps.gov.in મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી **તારીખ: ૧૩-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક** સુધી છે.

BVP-084

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# મુખ્યમંત્રીની ખાતરી: ભાવનગરમાં હાઉસિંગ બોર્ડના જર્જરિત આવાસોના રી-ડેવલપમેન્ટનો રસ્તો સરળ થશે

## આશરે ૧૫ હજાર રહીશોને રાહત મળશે: TDR ના બદલે નાણાકીય સહાય માટે ધારાસભ્ય સેજલબેન રાજીવભાઈ પંડયાની રજૂઆતનો સ્વીકાર

ભાવનગર,તા.૨૨

ભાવનગર પૂર્વ વિધાનસભા વિસ્તારમાં આવેલા હાઉસિંગ બોર્ડના જર્જરિત આવાસોના રી-ડેવલપમેન્ટ માટે_ફ્ઇ ના બદલે નાણાં સ્વરૂપે નેગેટિવ પ્રીમિયમ મંજૂર કરવા ધારાસભ્ય સેજલબેન પંડ્યાની રજૂઆતનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વીકાર કર્યો છે.

ભાવનગર પૂર્વ વિધાનસભા ક્ષેત્રમાં આશરે ૩,૭૦૦ જેટલાં આવાસો આવેલાં છે, જેમાં ૧૫,૦૦૦થી વધુ નાગરિકો વસવાટ કરે છે. આ આવાસ યોજનાઓ ૩૦ વર્ષથી વધુ જૂની હોવાથી રહીશો અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં જીવન ગુજારી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરીને વાસ્તવિક ચિતાર રજૂ કર્યો હતો.

પ્રવર્તમાન નિયમો મુજબ ૭૫% સભ્યોની સહમતિ હોવા છતાં વારંવાર ટેન્ડરિંગ કરવા છતાં કોઈ બિલ્ડર કે ડેવલપર કામ લેવા તૈયાર થતા ન હતા. આ સમસ્યાના ઉકેલ માટે_ફ્ઇ ને બદલે નેગેટિવ પ્રીમિયમ મંજૂર કરી રી-ડેવલપમેન્ટ કરવા રજૂઆત કરવામાં આવી હતી, જે અંગે મુખ્યમંત્રીએ ટૂંક સમયમાં જ સાનુકૂળ નિર્ણય લેવાની ખાતરી આપી છે.

આ ખાતરી બદલ સેજલબેન પંડ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માન્યો છે. આ નિર્ણયથી રી-ડેવલપમેન્ટ ક્ષેત્રે કામ કરવા ઉત્સુક બિલ્ડરો માટે રસ્તો સરળ બનશે, જેથી તેમને ભાવનગર પૂર્વ વિસ્તારની હાઉસિંગ બોર્ડની વસાહતોના પુનઃનિર્માણ માટે આગળ આવવા આહ્વાન કરવામાં આવ્યું છે.




**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**LC ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં TRD કામો**

**ટેન્ડર નં. ૦૧-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭-R૨**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝનમાં ૧૦,૦૦૦ થી વધારે ATVU ધરાવતા LC ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં TRD કામો. **ટેન્ડર રકમ:** ₹ ૨,૩૭,૫૭,૭૪૪.૯૯/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૪,૭૫,૨૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૧૩-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦** કલાક સુધી છે.

BVP-083

અમને લાઈક કરો: facebook.com/WesternRly


**જાહેર નિવેદા**

**નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી, વેટરનરી પોલીક્લીનીક, ભાવનગરને પશુઓના દવાખાના/સારવાર માટે નીચેની વિગતે ભાડાથી મકાન જોઈએ છે.**

૧. મકાનમાં રૂમની સંખ્યા: ૫ થી ૧૦
૨. મકાનની આગળના ભાગમાં અંદાજે ૫૦*૫૦ ફુટ જેવી ખુલ્લી જગ્યા
૩. મકાન ૧૫ મીટર કે તેનાથી મોટા રોડ ટચ હોવી જોઈએ.
૪. મકાન સિદસર, અધેવાડા, તળાજા જકાતનાકા, ટોપ થી સર્કલ, લીલા સર્કલ, કાળીયાબીડ કે તેની આસપાસના વિસ્તારમાં હોવુ જોઈએ.
૫. મકાન માલિક પાસે સરકારશ્રીના નિયમોનુસાર જરૂરી દસ્તાવેજ અને મંજુરીઓ હોવી જોઈએ.

સંપર્ક સ્થળ:- નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી, ઘનિષ્ઠ પશુસુધારણા યોજના, ટી-૩, બહુમાળી ભવન, ભાવનગર.

માહિતી-ભાવ-૪૨૩-૨૬

# જિલ્લામાં મેઘમહેર યથાવત, ઘોઘામાં સવાઈંચ વરસાદ

## ગારિયાધાર-પાલીતાણા પંથકમાં ઝાપટાં વરસ્યા, શહેરમાં વાદળો છવાયા

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસો બાદ ગઈકાલે મંગળવારે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં હળવો-ભારે વરસાદ નોંધાયો હતો, જેમાં ઘોઘા પંથકમાં સવાઈંચ વરસાદ પડ્યો હતો બાદ આજે પણ અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો છે. શહેરમાં ગોરંભાયેલા વરસાદી વાદળો જોવે તેવા વરસ્યા ન હતા.

ભાવનગર શહેર સહીત જિલ્લાભરમાં મંગળવારે વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો જેમાં ૨૪ કલાકમાં ઘોઘામાં ૩૩ મી.મી., સિહોર: ૨૦ મી.મી., તળાજા: ૧૯ મી.મી., પાલીતાણા: ૧૧ મી.મી., ભાવનગર શહેર: ૧૦ મી.મી., મહુવા: ૦૯ મી.મી.નોંધાયો હતો.આ ઉપરાંત જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા. સારા વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. આજે પણ આકાશમાં વરસાદી વાદળો છવાયેલા રહ્યા છે.આજે બપોર સુધીમાં ગારિયાધાર, પાલીતાણા, તળાજા અને જેસર પંથકમાં હળવાથી ભારે વરસાદના ઝાપટાં વરસ્યા છે. શહેરમાં સવારથી વરસાદી માહોલ છવાયેલો રહ્યો છે. આ વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને લોકોને ગરમી તથા બફારાથી મોટી રાહત મળી છે.

**જાહેરાત નં.૭/૨૦૨૬**

પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી, ભાવનગર કચેરી ખાતે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવી મંજુર થયેલ લીગલ ઓફિસરની જગ્યા તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત માસિક ફિક્સ વેતનથી ભરવા અંગેની વિગતવાર જાહેરાત કચેરીની વેબસાઈટ https://rcmbhavnagar.gujarat.gov.in/Requirement.aspx ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

| ક્રમ | કરાર આધારિત જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફિક્સ વેતન રૂ. | શૈક્ષણિક લાયકાત, અનુભવ, વય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | લીગલ ઓફિસર | ૦૧ | ૬૦,૦૦૦/- | વિગતવાર વેબસાઈટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે |

આ જગ્યા પર નિમણુક ઈચ્છતા ઉમેદવારોએ નિયત નમુનામાં અરજી વેબસાઈટમાં દર્શાવેલ વિગતો મુજબના જરૂરી પ્રમાણપત્રની ખરી નકલ બિડાણમાં સામેલ કરી જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા.૧૦/૦૮/૨૦૨૬ સુધીમાં ફક્ત રજીસ્ટર એ.ડી./સ્પીડ પોસ્ટથી વેબસાઈટમાં દર્શાવેલ કચેરીના સરનામાં પર પહોંચતી કરવાની રહેશે.

તા.૨૦/૦૭/૨૦૨૬
સ્થળ: ભાવનગર

સહી(અવાચ્ય)
પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ
ભાવનગર

માહિતી-ભાવ-૪૨૭-૨૬

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી જેઠવા ગોરધનભાઇ હરજીભાઇ,** **અરજી નં ૮૧/૨૦૨૬**
**રહે. મુ.પીથલપુર. તા.ઘોઘા,જી.ભાવનગર.** **જન્મ.તા.૧૫/૦૬/૨૦૦૩**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. પીથલપુર, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જેઠવા ગોરધનભાઈ હરજીભાઈ રહે. મુ.પીથલપુર. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્રી જેઠવા અનિતાબેન ગોરધનભાઈનો જન્મ તા.૧૫/૦૬/૨૦૦૩નાં રોજ ગામ:- પીથલપુર, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી મુન્નાભાઇ વેલજીભાઇ ચુડાસમા,** **અરજી નં ૮૦/૨૦૨૬**
**રહે. મુ.મોટા ખોખરા. તા.ઘોઘા,જી.ભાવનગર.** **જન્મ.તા.૨૯/૦૩/૨૦૨૦**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. મોટા ખોખરા, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મુન્નાભાઈ વેલજીભાઈ ચુડાસમા રહે. મુ.મોટા ખોખરા. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્રી સુહાનીબેન મુન્નાભાઈ ચુડાસમાનો જન્મ તા.૨૯/૦૩/૨૦૨૦નાં રોજ ગામ:- મોટા ખોખરા, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી કાદરભાઇ અહેમદભાઇ શેખ,** **અરજી નં ૯૨/૨૦૨૬**
**રહે. મુ.ખરકડી. તા.ઘોઘા,જી.ભાવનગર.** **જન્મ.તા.૦૧/૦૬/૧૯૮૪**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ખરકડી, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કાદરભાઈ અહેમદભાઈ શેખ રહે. મુ.ખરકડી. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્ર સિકંદરભાઈ કાદરભાઈ શેખનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૪નાં રોજ ગામ:- ખરકડી, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ** Mo.no 7433985121
**અકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

કેસ નં. ૧૧૨/૨૦૨૬
મ.તા.૧૭-૯-૨૦૦૨

**શ્રી ઘરમશીભાઈ આંબાભાઈ જેઠવા,**
રહે. હાથબ, તા.જી. ભાવનગર

**... વિરૂધ્ધ ...**

તલાટી કમ મંત્રીશ્રી હાથબ,
ગ્રામ પંચાયત કચેરી, મુ.હાથબ, તા.જી.ભાવનગર

**બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમ અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઘરમશીભાઈ આંબાભાઈ જેઠવા, રહે. મુ.હાથબ તા.જી.ભાવનગરએ તેમના માતા શ્રી **લાખુબેન આંબાભાઈ જેઠવા**નું મૃત્યુ તા.૧૭-૯-૨૦૦૨ ના રોજ ગામ : હાથબ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઇસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે, જાતે અગર તેમાન વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૧૭-૭-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

TRIBHOVAN

મામલતદાર કચેરી, ભાવનગર

હુકમથી
(એમ.ડી. પરમાર)
મામલતદર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, ભાવનગર

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ચૌહાણ મુકેશભાઇ વશરામભાઇ,** **અરજી નં ૧૦૪/૨૦૨૬**
**રહે. મુ.છાંયા. તા.ઘોઘા,જી.ભાવનગર.** **જન્મ.તા.૨૫/૦૮/૨૦૧૨**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. છાંયા, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચૌહાણ મુકેશભાઈ વશરામભાઈ રહે. મુ.છાંયા. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્ર ચૌહાણ પારસભાઈ મુકેશભાઈનો જન્મ તા.૨૫/૦૮/૨૦૧૨નાં રોજ ગામ:- છાંયા, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ગોહિલ પ્રદિપસિંહ અરવિંદસિંહ,** **અરજી નં ૯૪/૨૦૨૬**
**રહે. મુ. ખરકડી. તા.ઘોઘા, જી.ભાવનગર.** **જન્મ.તા.૦૧/૦૬/૨૦૦૪**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ખરકડી, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ પ્રદિપસિંહ અરવિંદસિંહ રહે. મુ.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના કુટુંબી ભાઈ કૃષ્ણદિપસિંહ હરદેવસિંહ ગોહિલનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૪નાં રોજ ગામ:- ખરકડી, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૫૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૩/૦૩/૨૦૨૦**

**શ્રી વિજયભાઇ ચંદ્રલાલ શર્મા,**
**રહે. રૂમ નં. ૨૬૧, લાઇન નં-૪, રસાલા કેમ્પ,**
**ભાવનગર મો.નં. ૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વિજયભાઈ ચંદ્રલાલ શર્માએ તેમના પુત્ર વેદાંત વિજયભાઈ શર્માનો જન્મ તા.૩/૩/૨૦૨૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૪/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી જોધાભાઈ બચુભાઇ મકવાણા,** **અરજી નં ૯૫/૨૦૨૬**
**રહે. મુ. ગરીબપરા. તા.ઘોઘા,જી.ભાવનગર.** **મરણ.તા.૦૯/૦૫/૨૦૨૧**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ગરીબપરા, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જોધાભાઈ બચુભાઈ મકવાણા રહે. મુ.ગરીબપરા. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પિતા બચુભાઈ કલ્યાણભાઈ મકવાણાનુ મરણ તા.૦૯/૦૫/૨૦૨૧નાં રોજ ગામ:- ગરીબપરા, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ગોહિલ ગણપતસિંહ જીલુભા,** **અરજી નં ૮૯/૨૦૨૬**
**રહે. મુ. નવાગામ નાના. તા.ઘોઘા,જી.ભાવનગર.** **મરણ.તા.૦૧/૦૧/૧૯૭૦**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. નવાગામ નાના, તા.ઘોઘા, જી.ભાવનગર.**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ ગણપતસિંહ જીલુભા રહે. મુ.નવાગામ નાના. તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના દાદા સરદારસંગ સામંતસંગ ગોહિલનુ મરણ તા.૦૧/૦૧/૧૯૭૦નાં રોજ ગામ:- નવાગામ નાના, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

---

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૬૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૫/૦૬/૧૯૬૧**

**શ્રી સમીમ કાસમભાઇ શેખ,**
**રહે. ભીખા ઠક્કરની શેરી, ભગાતળાવ,**
**ભાવનગર મો.નં. ૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સમીમબાનુ ઈબ્રાહીમ સેલિયાએ તેમનો જન્મ તા.૨૫/૬/૧૯૬૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૪/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

---

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૭૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૮/૦૫/૧૯૬૫**

**શ્રી ફિરોઝમહમદ અબ્દુલકાદર શેખ,**
**રહે. મોટી શેરી, વડવા કાછીયાવાડ,**
**ભાવનગર મો.નં. ૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ફિરોજમહમદ અબ્દુલકાદર શેખએ તેમનો જન્મ તા.૦૮/૦૫/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૪/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

---

**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૭૪/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૦/૦૯/૧૯૭૦**

**શ્રી અનીસ અબ્દુલકાદર શેખ,**
**રહે. મોટી શેરી, વડવા કાછીયાવાડ,**
**ભાવનગર મો.નં. ૭૮૧૯૮૦૧૪૦૦**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અનીસ અબ્દુલકાદર શેખએ તેમનો જન્મ તા.૧૦/૦૯/૧૯૭૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૪/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

# ધાર્મિક વૈમનસ્ય ફેલાવતા સાહિત્ય સાથે મૌલાના ઝબ્બેઃ રાષ્ટ્રીય એકતાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ



## સિદસર (શામપરા) વિસ્તારમાં પોલીસના મેગા 'સર્ચ ઓપરેશન' માં ઉશ્કેરણીજનક સામગ્રી મળી આવ્યા બાદ મૌલાના વિરુદ્ધ ગુન્હો દાખલ, ફંડિંગ કરનારની શોધખોળ, સમગ્ર મામલે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લામાં અસામાજિક અને દેશવિરોધી જેવી પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસે લાલ આંખ કરી છે. ધાર્મિક વૈમનસ્ય પેદા કરી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડવાના એક મોટા ષડયંત્રનો ભાવનગર ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો છે.

ભાવનગર રેન્જ આઈજી આર.વી. અસારી અને એસપી નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સઘન ઝુંબેશ ચાલી રહી છે. જે અંતર્ગત ભાવનગર ગ્રામ્યના મદદનીશ પોલીસ અધીક્ષક ઘનશ્યામ ગૌતમની આગેવાનીમાં ગ્રામ્ય ડિવિઝન અને જીઁય શાખા દ્વારા સંયુક્ત રીતે તા.૨૧ જુલાઈ ના રોજ વરતેજ પોલીસ મથકની હદમાં આવતા સિદસર (શામપરા) વિસ્તારની ૨૫ વારિયા હાઉસિંગ વસાહતમાં સઘન 'કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન' હાથ ધરવામાં આવ્યું હતું.

પોલીસના મેગા ચેકિંગ દરમિયાન એક મકાનમાંથી ગેરકાયદે પ્રવૃત્તિઓ મળી આવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી એવું સાહિત્ય અને સામગ્રી જપ્ત કરી છે, જે વિવિધ ધાર્મિક સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાવે, ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે, રાષ્ટ્રીય એકતાને નુકસાન કરે અને રાષ્ટ્રીય પ્રતીકોનું અપમાન કરે તેવા ઉશ્કેરણીજનક લખાણો ધરાવતી હતી. આ ગંભીર ગુનામાં પોલીસે મૂળ બનાસકાંઠાના અને હાલ સિદસરમાં રહેતા એક મૌલાના મહમદ સફીક અબ્બાસભાઈ મહેડીયા ઉ.વ.૨૬, વ્યવસાયઃ મૌલાના. રહેઃ હાલ રૂમ નં. ૪૬, ૨૫ વારિયા હાઉસિંગ, સિદસર (શામપરા), તા. વરતેજ, જિ. ભાવનગર.મૂળ રહેઃ બાદરગઢ ગામ, તા. પાલનપુર, જિ. બનાસકાંઠાની ધરપકડ કરી છે.

ઝડપાયેલા આરોપી વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં નવી ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૧૯૬(૧)(એ), ૧૯૬(૧)(બી), ૧૯૬(૨), ૧૯૭(૧)(સી), ૧૯૭(૧)(ડી), ૧૯૭(૨), ૨૯૯, ૩(૫) અને ૫૪ મુજબ કડક ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (જીઁય) ને સોંપવામાં આવી છે. રાજ્ય સરકારની કટ્ટરપંથીકરણ સામેની નીતિ અન્વયે કાર્યરત 'એન્ટી રેડિકલાઈઝેશન સેલ' દ્વારા આ પ્રકારની ઘટનાઓમાં ભોગ બનનાર લોકો અને તેમના પરિવારોનું નિષ્ણાતો મારફતે કાઉન્સેલિંગ કરવાની કામગીરીને પણ પ્રાથમિકતા આપવામાં આવશે.

**સંઘર્ષથી સફળતા સુધીની અનોખી સફર હવે દેશ નિહાળશે**

# કદ નાનું, કદમ ઊંચા! : ડૉ. ગણેશ બારૈયા હવે 'KBC'માં ચમકશે

### દેશના સૌથી નાની ઊંચાઈના તબીબ અને તેમના માર્ગદર્શક ગુરુને મળ્યું બીગ બીના શૉનું આમંત્રણઃ ૨૯ જુલાઈએ મુંબઈ શૂટિંગ માટે જશે, તે પહેલાં તળાજામાં બનશે સ્પેશિયલ ડોક્યુમેન્ટરી



ભાવનગર,તા.૨૨

દ્રઢ મનોબળ અને અથાક પરિશ્રમ આગળ શારીરિક મર્યાદાઓ પણ નતમસ્તક થઈ જાય છે તે વાત ભાવનગરની સર ટી. હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. ગણેશ બારૈયાએ સાબિત કરી બતાવી છે. દેશના સૌથી નાની હાઈટ ધરાવતા તબીબ તરીકે ઓળખ ધરાવતા ડૉ. ગણેશ બારૈયા અને તેમની ડોક્ટર બનવા સુધીની સંઘર્ષમય સફરમાં પડછાયાની જેમ સાથે રહેનાર તેમના ગુરુ ડૉ. દલપત કાતરિયાની અનોખી જોડી હવે દેશના લોકપ્રિય ક્વિઝ શૉ 'કૌન બનેગા કરોડપતિ' (KBC) ના મંચ પર જોવા મળશે.પ્રાપ્ત માહિતી મુજબ કેબીસી (KBC) ના મેકર્સ દ્વારા તેમને સત્તાવાર આમંત્રણ મળ્યું છે. આ સંદર્ભે આગામી ૨૪ અને ૨૫ તારીખના રોજ KBC ની વિશેષ ટીમ તળાજા ખાતે આવીને તેમની સંઘર્ષયાત્રા પર એક શોર્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મનું શૂટિંગ કરશે.ત્યારબાદ, તા. ૨૯ જુલાઈના રોજ ચાર દિવસના શૂટિંગ શિડ્યુલ માટે તેઓને મુંબઈ સ્થિત કેબીસી સ્ટુડિયો ખાતે બોલાવવામાં આવ્યા છે. જ્યાં ડૉ. ગણેશ બારૈયા અને ડૉ. દલપત કાતરિયા હોટસીટ પર સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સમક્ષ બેસીને તેમના પ્રશ્નોના જવાબો આપશે. ભાવનગરના આ ગૌરવવંતા પુત્રોને નેશનલ ટીવી પર જોવા માટે સમગ્ર ગુજરાત ઉત્સુક બન્યું છે.

# ચાવડીગેટ પાસે જૂની અદાવતમાં બે ડ્રાઈવરો વચ્ચે લોહિયાળ જંગ

ભાવનગર,તા.૨૨

શહેરના ચાવડીગેટ વિસ્તારમાં નાણાકીય લેવડ-દેવડ અને જૂની અદાવત મુદ્દે બે ડ્રાઈવરો વચ્ચેની માથાકૂટ લોહિયાળ બની હતી. એમ્બ્યુલન્સ ચાલક જીતેન ચાવડા અને લક્ઝરી બસના ડ્રાઈવર નુરમહમદ શેખ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં જાહેરમાં સામસામે છરીના ઘા ઝીકાયા હતા. આ જીવલેણ હુમલામાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે બંને પક્ષે એકબીજા વિરુદ્ધ બી.એન.એસ. તથા એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ પોલીસમાં સામસામી (ક્રોસ) ફરિયાદ નોંધાવતા નિલમબાગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### સમાધાન માટે બોલાવીને મિત્રએ જ મોઢા અને હાથના ભાગે છરીના ગંભીર ઘા માર્યા

ભાવનગરના વડવા વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા નુરમહમદભાઈ અલીભાઈ શેખ (ઉ.વ. ૩૯) પર ચાવડીગેટ પાસે છરી વડે હુમલો થયાની ક્રોસ ફરિયાદ નોંધાવેલ જેમાં જીતેન કિરીટભાઈ ચાવડા સાથે ચાર દિવસ પહેલા થયેલી નાણાકીય માથાકૂટનું સમાધાન કરવા તેઓ ચાવડીગેટ પાસે મુરલીધરની જગ્યા પાસે મળ્યા હતા. ત્યારે જીતેને ઉશ્કેરાઈ જઈ ગાળો આપી નુરમહમદભાઈ પર છરીથી હુમલો કર્યો હતો. બચાવમાં નુરમહમદભાઈએ પણ વળતો પ્રહાર કર્યો હતો. જીતેને છરીના ઘા ઝીકતા નુરમહમદભાઈને ડાબા ખભા, ગાલ અને હાથ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી તથા જમણા હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું. હાલ તેઓ સર ટી. હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે નિલમબાગ પોલીસે જીતેન ચાવડા સામે .બી.એન.એસ કલમ ૧૧૮(૨),૧૧૮(૧), ૩૫૨ તથા જી.પી.એ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જાતિવિષયક ગાળો આપી યુવાનને છાતી અને હાથના ભાગે છરીના ઘા ઝીક્યા

ભાવનગરના વિદ્યાનગર, ગાંધી કોલોનીમાં રહેતા અને એમ્બ્યુલન્સ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા જીતેનભાઈ કિરીટભાઈ ચાવડા ઉ.વ. ૨૬) પર ચાવડીગેટ વિસ્તારમાં જીવલેણ હુમલો કરાયો હતો. તેને ઈજા થતા બીમ્સ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ જ્યાં તેને નોંધાવેલી ફરિયાદ મુજબ, ચારેક દિવસ પહેલાં થયેલા ઝઘડાની અદાવત રાખીને નૂરમહંમદ રજાકભાઈ શેખે તેમને ફોન પર જાતિવિષયક ગાળો આપી ચાવડીગેટ બોલાવ્યા હતા. જીતેનભાઈ ચામુંડા પાન સેન્ટર પાસે ઊભા હતા ત્યારે, નૂરમહંમદે ત્યાં આવીને ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ છરી વડે હુમલો કર્યો હતો. તેણે જીતેનભાઈને ડાબા પડખે છાતીથી પેટ સુધી, ડાબા હાથના બાવડા પર અને જમણા હાથના અંગૂઠા પર છરીના ગંભીર ઘા ઝીક્યા હતા.વધુ મારથી બચવા માટે જીતેનભાઈએ પણ નૂરમહંમદ પાસેથી છરી ઝૂંટવીને સ્વબચાવમાં વળતા ઘા માર્યા હતા. લોહીલુહાણ હાલતમાં જીતેનભાઈને પ્રથમ સર ટી. હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે બીમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મામલે પોલીસે નૂરમહંમદ શેખ વિરુદ્ધ બી.એન.એસ કલમ ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨તથા અનુસુચિત જાતી અને અનુ. જન, જાતી પ્રતિબંધ અધિનિયમ ૩(૧)(r), ૩(૧)(જ), ૩(૨) (va) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નાણાકીય લેવડ-દેવડના મુદ્દે જાહેરમાં છરીઓ મારતા બંનેને ગંભીર ઈજા; નિલમબાગ પોલીસમાં એટ્રોસિટી સહિતની કલમો હેઠળ પોલીસ ગુનો દાખલ

### ભાવનગરમાં વિરોધ પ્રદર્શનઃ આપ અને કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે સોનમ વાંગચુકના ઉપવાસ અને દિલ્હીમાં યુવાનો પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં ભાવનગર ખાતે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. મંગળવારે નિલમબાગ સર્કલ ખાતે યુવાનોના સમર્થનમાં સુત્રોચ્ચાર કરી રહેલા 'આપ' ના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. સાંજ પડતાં દેસાઈનગર પેટ્રોલ પંપ નજીક ભાવનગર શહેર કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીની અટકાયત અને 'નીટ' પેપર લીક મામલે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું હતું. વિરોધ કરી રહેલા કોંગ્રેસ કાર્યકરોની પણ પોલીસે સ્થળ પરથી અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગારીયાધારમાં ગેરેજમાં રીપેરીંગ માટે મૂકેલી કારમાંથી ચાંદીના કડાની ચોરી

**ઠાંસા ગામના શિક્ષકે ગાડીના ડેશબોર્ડમાં મૂકેલું ૪૦૦ ગ્રામનું કડું ચોરાતાં ગારીયાધાર પોલીસમાં નોંધાઈ ફરિયાદ**

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ઠાંસા ગામના વતની અને લુવારા ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ગોવિંદભાઈ દાનાભાઈ ગળસર (ઉ.વ. ૪૧) ની ઈક્કો કારમાંથી ૮૮ હજારની કિંમતના ચાંદીના કડાની ચોરી થઈ હોવાની ફરિયાદ ગારીયાધાર પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ મથકેથી જાણવા મળ્યા મુજબ ગત તા. ૨૫/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ગાડીમાં ખામી સર્જાતા ગોવિંદભાઈ બોનેટ ખોલી તપાસ કરી રહ્યા હતા. ત્યારે હાથમાં પહેરેલું ૪૦૦ ગ્રામનું ચાંદીનું કડું (અંદાજિત કિંમત રૂ. ૮૮,૦૦૦) કામમાં નડતરરૂપ લાગતાં તેમણે તે ગાડીના ડેશબોર્ડમાં મૂકી દીધું હતું.

ગાડી ચાલુ ન થતાં સવારે ૮:૩૦ વાગ્યે તેમણે પોતાની ઈક્કો ગાડી (GJ-04-DA-5503) ગારીયાધારના નવાગામ રોડ પર આવેલ 'રાધે મોટર ગેરેજ'માં રીપેરીંગ માટે મૂકી હતી. સાંજે ૬ વાગ્યે ગાડી રીપેર થઈ ગયા બાદ ઘરે લાવીને ડેશબોર્ડમાં તપાસ કરતા કડું ગાયબ હતું.

કડું ચોરાયાની જાણ થતાં જ તેઓ ફરિયાદ કરવાના હતા, પરંતુ અચાનક તેમના માતા મેયબેનને છાતીમાં દુખાવો ઉપડતાં તેમને તાત્કાલિક અમદાવાદ હાર્ટના ઓપરેશન માટે લઈ જવા પડ્યા હતા.માતાની સારવાર પૂર્ણ થયા બાદ ગોવિંદભાઈએ ગારીયાધાર પોલીસ મથકે અજાણ્યા ચોર સામે ચોરીની વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે હાલ આ મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### બાંદ્રા- ભાવનગર ટ્રેનમાં આવેલો શખ્સ સાથે દારૂની બોટલ લાવ્યો

**ભાવનગર ટર્મિનસ સ્ટેશન પરથી રેલવે પોલીસે ઝડપી લીધો**

ભાવનગર,તા.૨૨

ભાવનગર રેલ્વે પોલીસ દ્વારા આજરોજ પ્રોહિબિશન વોચ દરમિયાન બાંદ્રા-ભાવનગર એક્સપ્રેસ (૧૨૯૭૧) માંથી ઉતરેલા એક શખ્સને વિદેશી દારૂ સાથે ઝડપી લેવામાં આવ્યો છે.

આજે સવારે ૦૮:૩૦ વાગ્યાની આસપાસ પ્લેટફોર્મ નંબર-૦૧ પર જનરલ ડબ્બા પાસે શંકાસ્પદ હાલતમાં પસાર થતા એક યુવકને પોલીસે રોક્યો હતો. તેની પાસે રહેલી કાળા-લાલ રંગની બેગની તલાશી લેતા અંદરથી માત્ર મહારાષ્ટ્ર રાજ્યમાં વેચાણ માટેની 'MAD RUM' બ્રાન્ડની ૭૫૦ ML ની વિદેશી દારૂની બોટલ મળી આવી હતી.

પોલીસે ઝડપાયેલ આરોપીનું નામ પુછતા વિજયભાઈ રાજુભાઈ મંગલસિક્કા (ઉ.વ. ૨૪) રહે.રૂવા, એરપોર્ટ રોડ, બજરંગદાસ બાપાની મઢુલી સામે, ભાવનગર વાળો હોવાનું જણાવેલ રેલવે પોલીસે રૂ. ૬૪૦ની કિંમતની વિદેશી દારૂની ૧ બોટલ અને બેગ જપ્ત કરી હતી.અને આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(A)(A) અને ૧૧૬(૨) હેઠળ ગુનો નોંધી કાયદેસરની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### મજૂરી કામે જવાની ના પાડતા અધેવાડામાં યુવક પર ધારિયા અને કુહાડી વડે જીવલેણ હુમલો

ભાવનગર,તા.૨૨

અધેવાડા ગામમાં મજૂરીકામે જવાની ના પાડવા જેવી નાની બાબતે ત્રણ શખ્સોએ ૧૯ વર્ષીય યુવક પર ધારિયા, કુહાડી અને ધોકા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ બન્યો છે.

અધેવાડાના મફતનગરમાં રહેતા વિજયભાઈ પરમાર ઘર પાસે બેઠા હતા ત્યારે શેરીમાં રહેતા વિપુલે મજૂરીએ આવવા બાબતે ગાળો આપી હતી. બાદમાં વિપુલે માથામાં ધારિયાનો ઘા ઝીંકી દીધો હતો. ઈજાગ્રસ્ત વિજયભાઈ પોતાના પરિજનો સાથે ઠપકો આપવા જતાં, વિપુલ તથા તેના ભાઈઓ જીતુ ઉર્ફે ઓઘો અને દિનેશે એકસંપ થઈ હુમલો કર્યો હતો. જીતુએ માથામાં કુહાડી મારી હતી અને દિનેશે ધોકા વડે માર માર્યો હતો.હુમલાખોરો ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સર ટી. હોસ્પિટલ ખસેડાયો છે, જ્યાં ભરતનગર પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**પ્રથમ તબક્કામાં મંજૂર થયેલી તમામ 100 ઈ-બસોનું સ્વપ્ન પૂર્ણ થવાના આરેઃ નવા રૂટ્સ શરૂ કરવા તંત્ર સજ્જ**

# અબતક 100 : ભાવનગરમાં વધુ 25 PM e-Bus આવી પહોંચી, 15 ઓગસ્ટ સુધીમાં થશે ઓનરોડ

ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેર અને આસપાસના વિસ્તારો માટે પરિવહન ક્ષેત્રે ક્રાંતિ લાવનાર અત્યાધુનિક સુવિધાસભર 'પીએમ ઈ-બસ' સેવા આજે નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી ભાવનગરની આ ઈ-બસ સેવાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. માત્ર છ મહિનાના ટૂંકા જ ગાળામાં, કોઈ પણ મફત મુસાફરીની યોજના (ફ્રી સ્કીમ) વગર પણ આ સેવા શહેરીજનોમાં ભારે લોકપ્રિય અને અત્યંત ઉપયોગી નીવડી છે.

કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કામાં ભાવનગર શહેર માટે કુલ ૧૦૦ ઈલેક્ટ્રિક બસો ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાંથી તબક્કાવાર ૭૫ બસો મળી ચૂકી છે અને હાલમાં ૧૪ જેટલા વિવિધ રૂટો પર સફળતાપૂર્વક દોડી રહી છે. હવે બાકી રહેતી વધુ ૨૫ નવી ઈ-બસો પણ ભાવનગર આવી પહોંચી છે. હાલમાં આ નવી બસોના આર.ટી.ઓ. રજિસ્ટ્રેશન અને અન્ય પ્રક્રિયાઓ ચાલી રહી છે. તંત્રના જણાવ્યા અનુસાર, સંભવતઃ આગામી ૧૫મી ઓગસ્ટ-સ્વાતંત્ર્ય દિન સુધીમાં આ નવી ૨૫ બસોને રોડ પર દોડતી કરી દેવામાં આવશે. આ સાથે જ ભાવનગરને મળવાપાત્ર તમામ ૧૦૦ ઈ-બસોનો લક્ષ્યાંક પૂર્ણ થઈ જતાં સિટી બસ સેવા ફૂલ ફ્લેજમાં કાર્યરત બનશે.



તસવીર : ધવલ વાજા

ઉલ્લેખનીય છે કે, આ ઈ-બસ સેવા માત્ર શહેર પૂરતી સીમિત ન રહેતાં શહેરથી ૩૦ કિલોમીટરના વિસ્તારમાં આવતા ગ્રામ્ય વિસ્તારો જેમ કે સિહોર, રાજપરા (ખોડિયાર), ભાલનું કાળાતળાવ તેમજ તળાજા રોડ પર આવેલા ભંડારિયા સુધી સુચારૂ રીતે ચાલી રહી છે. પ્રતિદિન હજારો મુસાફરો, નોકરીયાતો અને વિદ્યાર્થીઓ આ પર્યાવરણપૂરક અને સુવિધાજનક સેવાનો લાભ લઈ રહ્યા છે. નવી ૨૫ બસો ઉમેરાવાને કારણે શહેરમાં કેટલાક નવા રૂટ્સ શરૂ કરવાનું તેમજ જૂના રૂટ્સને અપડેટ કરી ફ્રીક્વન્સી વધારવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, જેનાથી શહેરીજનોની મુસાફરી વધુ સુગમ બનશે.

### લોકપ્રિય નીવડેલી સિટીબસ સેવાની ત્રુટીઓ અને પડકારો

- તમામ વિસ્તારોમાં પૂરતી કનેક્ટિવિટી ઉપલબ્ધ નથી.
- બસ સ્ટોપ પર રૂટ મેપ, સમયપત્રક અને ડિજિટલ ડિસ્પ્લેનો અભાવ.
- મોબાઈલ એપ અથવા લાઈવ બસ ટ્રેકિંગની સુવિધા અસરકારક રીતે ઉપલબ્ધ નથી અથવા લોકો સુધી - પહોંચી નથી.
- મોટાભાગના બસ સ્ટોપ પર છાંયો, બેઠકો જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ.
- દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે તમામ બસ સ્ટોપ સંપૂર્ણપણે અનુકૂળ નથી.
- ટ્રાફિક સિગ્નલ અને પાર્કિંગના કારણે કેટલાક રૂટ પર સમયસર સેવા જાળવવામાં મુશ્કેલી.
- નવા વિસ્તારો અને ઔદ્યોગિક ઝોન સુધી રૂટ વિસ્તરણની જરૂરિયાત.